ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં
અને વિકાસ નિગમની હંગામી જગ્યાઓ
ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૦૨/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૨/૦૫/૨૦૨૦નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૬/૦૨/૨૦૨૧નો ઠરાવ.

(૩) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમનો તા.૨૪/૦૧/૨૦૨૨ નો પત્ર નં.ગુરાવા(દિ.)નાવિની/મકમ/૨૦૨૨/૦૧૨.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૨/૦૫/૨૦૨૦ ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની એબેયન્સમાં ગયેલ ૦૪ (ચાર) જગાઓને એબેયન્સમાંથી મુક્ત કરી, પુન:જીવિત કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૨૬/૦૨/૨૦૨૧ ના ઠરાવથી સદરહું ૦૪ (ચાર) જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. આ ૦૪ હંગામી જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા બાબતે બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રથી મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમના તા.૨૪/૦૧/૨૦૨૨ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે મેનેજીંગ ડીરેક્ટરશ્રી. ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમના તા.૨૪/૦૧/૨૦૨૨ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને અને વિકાસ નિગમની નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની

ક્રમ નં.૧ થી ૪ની કુલ-૪(ચાર) હંગામી જગાઓને તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેક્ટર | ૧ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦<br>ગ્રેડ પે-૭૬૦૦ |
| ૨ | સમાજ સુરક્ષા અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૪ | સીનીયર કલાર્ક | ૩ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦<br>ગ્રેડ પે-૨૪૦૦ |

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૦૨/૦૨/૨૦૨૨ તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૦૩/૦૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૯, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ, કક્ષો માળ, બ્લોક નં.૧, ગ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઇલ.